# બેંગ્લોરમાંથી વ્યાપક હિજરત : સરકાર ભારે ચિંતામાં

બેંગ્લોર/ગુવાહાટી,તા. ૧૬
આસામમાં જારી સાંપ્રદાયિક હિંસાની અસર હવે દક્ષિણ ભારતના શહેરો ખાસ કરીને બેંગ્લોર અને હેદરાબાદમાં પણ દેખાઈ રહી છે. બેંગ્લોરમાં રહેતા ઉત્તર-પુર્વીય રાજ્યોના હજારો લોકો બેંગ્લોરમાંથી ભાગી રહ્યા છે. તેમના પર હુમલા થવાની દહેશત આ લોકોને સતાવી રહી છે. દરમિયાન ઉત્તર-પુર્વીય રાજ્યોમાંથી આવેલા ૭૮૦૦ જેટલા લોકો બેંગ્લોર શહેરને છોડી દીધા બાદ કર્ણાટકના મુખ્યમંત્રી જગદીશ સેત્તારે આજે પરિસ્થિતીની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરિય મિટિંગ યોજી હતી. કર્ણાટક સરકારે ખાતરી આપી હતી કે કર્ણાટકમાં રહેતા ઉત્તર-પુર્વના લોકોને સરકાર તરફથી સંપુર્ણ રક્ષણ આપવામાં આવશે. ગુરૂવારે મુખ્યમંત્રીની ઓફિસ પર મોટી સંખ્યામાં લોકો મળવા માટે પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં કોઈપણ જગ્યાએ ઉત્તર-પુર્વના લોકો પર હુમલાનો એક પણ બનાવ બન્યો નથી. જેથી દહેશતમાં રહેવાની કોઈ જરૂર નથી. બે આસામ જતી ખાસ ટ્રેનો મોડી રાત્રે રવાના કરવામાં આવી હતી. એકાએક યાત્રીઓનો ધસારો થઈ ગયો છે. તેમના પર હુમલા થવાની દહેશત લોકોને સતાવી રહી છે. જેથી હુમલાના ભયથી હજારો લોકો બેંગ્લોરમાંથી ફરાર થઈ ગયા છે. મુખ્યમંત્રીએ તમામ સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે. દરમિયાન કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ તમામ ઉત્તર-પુર્વીય રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી શકે છે. બેંગ્લોરમાં હુમલાની દહેશત લોકોને સતાવી રહી છે. બીજીબાજુ હેદરાબાદમાં આસમ અને અન્ય પુર્વીય રાજ્યોના લોકો વચ્ચે વ્યાપક દહેશત દેખાઈ રહી છે. આસામના કોકરાઝાર જિલ્લામાં બોડો આદિવાસી અને બંગાળી મુસ્લિમો વચ્ચે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસાના કારણે ત્રણ લાખથી વધુ લોકો ઘર છોડીને છાવણીમાં આવી ગયા છે. આસામમાં મુસ્લિમોની સામે થયેલી હિંસાના વિરોધમાં હાલમાં જ મુંબઈમાં મુસ્લિમ સંગંઠનોના લોકોમાં નારાજગી જોવા મળી હતી અને મુંબઈના ઘણાં ભાગોમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. જેમાં બે લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. થોડાક સમય પહેલા મહારાષ્ટ્રના પુણે શહેરમાં બોમ્બ બ્લાસ્ટ બાદ પણ કહેવામાં આવ્યું હતું કે બ્લાસ્ટ મારફતે ઉત્તર-પુર્વીય રાજ્યોના લોકોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. ૧૯ વર્ષીય રીમા અરૂણાચલ પ્રદેશની છે અને તે બેંગ્લોરમાં અભ્યાસ કરી રહી છે. હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે. આવી સ્થિતીમાં હિંસાનો ભય સતાવી રહ્યો છે. તે બેંગ્લોર છોડી રહી છે. રીમાનું કહેવું છે કે તમામ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. લોકો ઘરથી બહાર નિકળી રહ્યા નથી. ઉત્તર-પુર્વીય ભાગોના વિદ્યાર્થી અહીં અભ્યાસના હેતુસર આવે છે.

## કર્ણાટકમાં ઉત્તર-પુર્વના લોકો બિલકુલ સુરક્ષિત છે : શિન્દે

કેન્દ્ર સરકારે આજે કહ્યું હતું કે કર્ણાટકમાં ઉત્તર-પુર્વમાંથી આવેલા લોકો બિલકુલ સુરક્ષીત છે. રાજ્યમાં દહેશત અંગેની અફવા ફેલાવી રહેલા લોકોને ચેતવણી આપવા સરકારે કહ્યું છે કે આ પ્રકારની અફવા ફેલાવનાર સામે કઠોર પગલા લેવામાં આવશે. હાલમાં શાંતિ પ્રવર્તી રહી છે. તમામ જરૂરી પગલા લેવાઈ રહ્યા છે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે અફવા ફેલાવી રહેલા તત્વો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બુધવારે મોડી રાત સુધી અને આજે વહેલી સવાર સુધી ખાસ ટ્રેનો દ્વારા ગુવાહાટી જતા રહેલા લોકો અંગે અહેવાલ આવ્યા બાદ ગૃહમંત્રી શિન્દેએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ આસામમાં વંશીય હિંસનો બદલો લેવા હુમલા કરશે તેવી અફવા હાલમાં ફેલાયેલી છે. જે ખુબ જ ખતરનાક છે. અફવા તરફ ધ્યાન ન આપવા શિન્દે લોકોને અપિલ કરી હતી. ગૃહસચિવ આરકે સિંહે તેમનો મેસેજ વાંચ્યો હતો. દેશના કોઈપણ ભાગમાં ઉત્તર-પુર્વના લોકો સામે કોઈ ખતરો નથી. સિંહે એમપણ કહ્યું હતું કે કર્ણાટકમાં હજુ સુધી કોઈપણ બનાવ બન્યો નથી. લોકોને અફવા પર ધ્યાન ન આપવાની જરૂર છે. કર્ણાટકના મુખ્યમંત્રીએ પણ અગાઉ હતું કે રાજ્યમાં લોકો બિલકુલ સુરક્ષીત છે. દરમિયાન ગૃહખાતુ ધરાવનાર નાયબ મુખ્યમંત્રીને આર અશોકાએ કહ્યું છે કે ઉત્તર-પુર્વના લોકોને ખાતરી આપવા તમામ સંપર્કો કરવા પોલીસને કહેવામાં આવ્યું છે.

## બેંગ્લોરમાંથી ઉત્તર-પુર્વના લોકોની ભાગદોડને લઇને ચિંતા

### બેંગ્લોર રેલવે સ્ટેશન ઉપર ભારે અંધાધુંધી સર્જાઇ

બેંગ્લોર,તા. ૧૬
બેંગ્લોરમાં હુમલા થવાના ભયથી હજારો લોકો અહીંથી નિકળી રહ્યા છે. ભારે અફડાતફડી રેલવે સ્ટેશન ઉપર પણ જોવા મળી રહી છે. બીજીબાજુ બેંગ્લોરમાં અધિકારીઓનું કહેવું છે કે મોબાઈલ સંદેશાઓ મારફતે હુમલાઓની અફવા ફેલવાવમાં આવી રહી છે. ઉત્તર-પુર્વીય રાજ્યોના લોકો ઉપર હુમલા થવાની અફવા ચાલી રહી છે. મણીપુર, નાગાલેન્ડ, અરૂણાચલ અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ ઉપર હુમલાની અફવા ફેલાઈ રહી છે. બે ખાસ રેલ ગાડીઓ દોડાવવામાં આવી છે. જેમાં ૪૦૦૦થી વધુ લોકો બેંગ્લોર છોડીને આસામ જતા રહ્યા છે.




બેંગ્લોરમાં ગઈકાલે એવી અફવા ફેલાઈ ગઈ હતી કે ઉત્તર-પુર્વીય રાજ્યોના લોકોને ટાર્ગેટ બનાવાવમાં આવી શકે છે. ત્યારબાદ બેંગ્લોર શહેરનાં મુખ્ય રેલવે સ્ટેશન ઉપર અફડાતફડી અને અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. જટીલ સ્થિતી સર્જાતા તથા લોકોના ધસારાને ધ્યાનમાં લઈને રેલવે અધિકારીઓને ત્રણ વિશેષ ટ્રેનોની વ્યવસ્થા કરવાની ફજ પડી હતી. ૪૦૦૦ જેટલા લોકો બેંગ્લોર છોડીને જતા રહ્યા છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. આસામ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, અરૂણાચલ પ્રદેશ અને ત્રિપુરા જેવા રાજ્યોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને વિદ્યાર્થીઓ શિક્ષણ અને રોજગારીના હેતુસર પુણે, દિલ્હી, બેંગ્લોર, મુંબઈ જેવા શહેરોમાં જાય છે. માત્ર બેંગ્લોર શહેરમાં તેમની સંખ્યા ૨.૫ લાખથી વધારે છે. કર્ણાટકના મુખ્યમંત્રીએ કહ્યું છે કે ઉત્તર-પુર્વીય ભારતના લોકોને કોઈ ખતરો નથી. રાજ્યના ગૃહમંત્રી અશોકે કહ્યું છે કે હિંસાની સ્થિતી ઉભી કરનાર સાથે કઠોર કાર્યવાહી કરાશે.

## મારૂતિ સુઝુકીમાં ૨૧મી ઓગસ્ટે માનેસરમાં કામકાજ શરૂ

નવી દિલ્હી, તા.૧૬
દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ૨૧મી ઓગસ્ટના દિવસે તેના માનેસર પ્લાન્ટમાં પ્રોડકશન ફરી શરૂ કરશે. દરમિયાન મારૂતિએ આજે ૫૦૦થી વધુ વર્કરોની હકાલપટ્ટી કરી દીધી હતી. ગુડગાંવના માનેસર પ્લાન્ટમાં હિંસા ભડકી ઉઠ્યા બાદ આ તમામની હકાલપટ્ટી કરવામાં આવી છે. ૧૫૦૦થી વધુ રેગ્યુલર વર્કરો પૈકી ૫૦૦થી વધુ વર્કરોને કાઢી મુકવામાં આવ્યા છે. કંપનીના ચેરમેન આરસી ભાર્ગવે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું છે કે ૧૮મી જુલાઈના દિવસે હિંસા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાક્ષીઓના નિવેદન અને અન્ય તમામ પાસાઓ ઉપર વિચારણા કરાયા બાદ આ તમામ લોકોની હકાલપટ્ટી કરવામાં આવી છે. હિંસામાં ૧૦૦થી વધુ સુપરવાઈઝરો પણ ઘાયલ થયા હતા. મારૂતિ જાપાની સુઝુકી મોટર્સની માલીકીની છે. હિંસા ભડકી ઉઠ્યા બાદ પ્લાન્ટ બંધ કરાતા એક દિવસમાં દરરોજ નવ મિલિયન ડોલરનું નુકસાન થયું હતું. પ્લાન્ટ ઔદ્યોગિક વિવાદમાં લાંબો ઈતિહાસ ધરાવે છે. જુલાઈમાં થયેલી હિંસાના કારણે કોર્પોરેટ



ભારતમાં ખળભળાટ મચી ગયો હતો. વ્યાપક હિંસા પ્લાન્ટમાં ભડકી ઉઠ્યા બાદ એક મહિના પછી પ્લાન્ટમાં ફરી કામકાજ શરૂ થનાર છે. કંપનીને આ હિંસાના કારણે લાખો ડોલરનું નુકશાન થઈ ચુક્યું છે. ગુડગાંવ નજીક હરિયાણામાં માનેસર ખાતેની ફેકટરીમાં ૫૫૦૦૦૦ વાહનોનું નિર્માણ થાય છે. જાપાનના સુઝુકી મોટર્સના યુનિટને આદર્શ તરીકે ગણવામાં આવે છે. ૧૮મી જુલાઈના દિવસે વર્કરો અને મેનેજમેન્ટ વચ્ચે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮મી જુલાઈના દિવસે ભડકેલી સાંપ્રદાયિક હિંસામાં એકનું મોત થયું હતું અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. હિંસા ભડકી ઉઠ્યા બાદથી મારૂતિ સુઝુકીએ આક્રમક વલણ અપનાવ્યું છે. પ્લાન્ટમાં વ્યાપક તોડફોડ પણ કરવામાં આવી હતી.

## વધુ ૧૪ નવી વિદેશી આઈટી ઓફિસો બનાવવાનો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૬
સરકાર કાળા નાણાંના દૂષણને રોકવાના હેતુસર ૧૪ વધુ ઈન્કમટેક્સ ઓવરસીઝ યુનિટ (આઈટીઓયુ)ની રચના કરશે. સરકાર વિદેશમાંથી ફંડના ગેરકાયદે રૂટ ઉપર અંકુશ મુકવાના હેતુસર આ યોજના ધરાવે છે. સાથે સાથે વિદેશી રાષ્ટ્રોમાં જે નાણાં છે તેના ઉપર અંકુશ રાખવામાં આવશે.

નાણાં મંત્રાલયે વિદેશ મંત્રાલયને આ સંબંધમાં એક વિસ્તૃત દરખાસ્ત મોકલી દીધી છે. જેમાં એવા દેશોના નામ છે જ્યાં ઈન્કમટેક્સ ઓવરસીઝ યુનિટની રચના કરવામાં આવશે. ભારત પહેલાથી જ જુદા જુદા દેશોમાં તેના મિશનમાં આઈટીઓયુ ધરાવે છે. આ દેશોમાં સાઈપ્રસ, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, જાપાન, યુએઈ, બ્રિટન, અમેરિકા, મોરેસિયસ, સિંગાપુરનો સમાવેશ થાય છે. નાણાં મંત્રાલય અને આઈટી વિભાગની તપાસ પાંખને આના કારણે ઘણી મહત્વપૂર્ણ માહિતી મળી છે. હવે ૧૪ વધુ આઈટીઓયુ સ્થાપિત કરવા દરખાસ્ત મોકલી દેવામાં આવી છે.

આ દરખાસ્ત હાલ વિદેશ મંત્રાલયની વિચારણા હેઠળ છે. નાણાં મંત્રાલય દ્વારા આ વિષય ઉપર ચર્ચા પણ યોજાવામાં આવી ચૂકી છે. જે દેશોમાં આઈટીઓયુ સ્થાપિત કરવામાં આવનાર છે તેમાં સ્વિત્ઝરલેન્ડનો સમાવેશ થાય છે. આઈટીઓયુમાં ટેક્સ અધિકારીઓ નજર રાખશે. તત્કાલિન નાણાંમંત્રી પ્રણવ મુખરજીએ વર્ષ ૨૦૧૨-૧૩ માટેના તેમના બજેટ ભાષણમાં આઈટી વિદેશી ઓફિસ સ્થાપિત કરવા માટે નોંધપાત્ર ફાળવણી કરી હતી. આ યુનિટો માટે પ્રાથમિક અંદાજપત્રિય ફાળવણી ૨.૪૧ કરોડની હતી. આને વર્તમાન નાણાંકીય વર્ષમાં વધારીને ૧૮.૨૦ કરોડ કરી દેવામાં આવી છે. આઈટીઓયુ ટેક્સ અને નાણાંકીય આંકડા એકત્રિત કરશે. આ દેશોમાં વ્યક્તિગતો અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા રોકાણની વિગત એકત્રિત કરશે.

## પાકિસ્તાનમાં એરબેઝ ઉપર આતંકવાદી હુમલોઃ ૮ મોત

ઈસ્લામાબાદ,તા.૧૬
પાકિસ્તાનમાં આજે સવારે આતંકવાદીઓએ ભીષણ હુમલો કર્યો હતો જેના કારણે તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. સશસ્ત્ર આતંકવાદીઓએ પંજાબ પ્રાંતમાં પાકિસ્તાની એરફોર્સ બેઝ પર આ હુમલો કર્યો હતો. પંજાબ પ્રાંતમાં પરમાણુ શસ્ત્રો પણ પાકિસ્તાનના રહેલા છે. આ ભીષણ હુમલો થયા બાદ સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. સુરક્ષાદળોએ સાત આતંકવાદીઓને મોતને ઘાત ઉતારી દીધા હતા. આમાં બે સુરક્ષા જવાનો પણ માર્યા ગયા હતા. આતંકવાદીઓ પૈકીના કેટલાક લશ્કરી યુનિફોર્મમાં પણ દેખાયા હતા. આ આતંકવાદીઓ વહેલી સવારે પંજાબ પ્રાંતમાં આવેલા કામરા એરબેઝમાં ઘૂસી ગયા હતા. અહીં હાઈ એલર્ટની પહેલાંથી જ જાહેરાત થઈ હતી. સાથે સાથે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ હોય છે છતાં આ આતંકવાદીઓ ઘૂષણખોરી કરવામાં સફળ રહ્યા હતા.



ટીવી ચેનલોના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦ જેટલા આતંકવાદીઓ ત્રણ સુરક્ષા છત્રને તોડીને આગળ ઘૂસી ગયા હતા. આ લોકો સાબ-૨૦૦૦ વિમાનને ટાર્ગેટ બનાવવા પ્રયાસ કરી રહ્યા હતા. આશરે ત્રણ કલાક સુધી સામસામે ગોળીબાર થયો હતો. પાકિસ્તાની ટીવી ચેનલે કહ્યું છે કે સાત આતંકવાદીઓને કમાન્ડોએ મોતને ઘાટ ઉતારી દીધા હતા. એક ખાનગી ટીવી ચેનલનું કહેવું છે કે બે સુરક્ષા જવાનો પણ માર્યા ગયા છે. ઉપરાંત એર કમાન્ડર સહિત અન્ય ઘણા ઘાયલ થયા છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કામરા એરબેઝ ખાતે પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે. વધુ ત્રાસવાદીઓ સંકુલમાં છે કે કેમ તેને લઈને તપાસ ચાલી રહી છે. સુરક્ષા જવાનો સમગ્ર સંકુલમાં ઝીણવટભરી ચકાસણી કરી રહ્યા છે. કેટલાક હુમલાખોરો ફરાર થઈ જવામાં સફળ થયા છે કે કેમ તે અંગે જાણી શકાયું પણ નથી. પાકિસ્તાની સેનાના વડા આશફાક પરવેઝ કિયાનીએ હાલમાં જ કહ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદ સામે લડવા કટિબદ્ધ છે. આદિવાસી પટ્ટામાં તાલિબાન સામે નવું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાના અહેવાલ વચ્ચે આ હુમલો થયો છે.

# પાંચ વર્ષની અંદર દેશના દરેક ઘરમાં વીજળી હશેઃ વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૧૬
વડાપ્રધાન મનમોહનસિંહ સ્વતંત્રતા દિવસના પ્રસંગે અનેક વચનો આપ્યા હતા. જવાહરલાલ નહેરુ અને ઈન્દીરા ગાંધી બાદ લાલ કિલ્લાપરથી નવ વખત દેશને સંબોધન કરનાર નવમાં વડાપ્રધાન બનવાની સિદ્ધિ મેળવનાર મનમોહનસિંહે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને દેશને સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં મનમોહનસિંહે તમામ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. તેમણે કબૂલાત કરી હતી કે દુનિયાભરમાં આર્થિક મંદીના કારણે ભારત ઉપર પણ માઠી અસર થઈ છે. મંદીથી બચવા માટે તમામ સંબંધિત પગલાં લેવામાં આવી રહ્યા છે. જીડીપી ૬.૫ ટકાથી વધુ રાખવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. જો કે ખરાબ મોનસૂનના કારણે તકલીફ વધી ગઈ છે. સિંહે કહ્યું હતું કે લોકપાલ લોકસભામાં પસાર થઈ ચૂક્યું છે પરંતુ રાજ્યસભામાં અડચણો ઊભી થઈ ચૂકી છે. રાજીવ ગાંધી વીજળી યોજના હેઠળ એક લાખ ગામોને વીજળી આપવામાં આવી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. આતંકવાદના પ્રશ્ને પણ તેઓએ વિસ્તારપૂર્વક વાત કરી હતી. ભ્રષ્ટાચારને ઘટાડવાના મુદ્દા ઉપર પણ મનમોહનસિંહે વાતચીત કરી હતી. સિંહે પોતાના નિવેદનમાં કાળા નાણાંનો ઉલ્લેખ કર્યો ન હતો. શિક્ષણ, આરોગ્ય, રોજગાર સહિતના મુદ્દાઓ પર સિંહે સરકારના પ્રયાસો અને યોજનાઓ અંગે માહિતી આપી હતી. સિંહે કહ્યું હતું કે આગામી પાંચ વર્ષની અંદર દેશના દરેક ઘરમાં વીજળી પહોંચી જશે. દુનિયાભરમાં આર્થિક મંદીની વાત કરતા તેમણે કહ્યું હતું કે જો દેશને આર્થિક વિકાસના મોરચે ઝડપથી આગળ વધારવામાં આવશે નહીં તો રાષ્ટ્રીય સુરક્ષા ઉપર પણ અસર થશે. દેશની અંદર ઝડપી આર્થિક વિકાસનું વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. સિંહે એમ પણ કહ્યું હતું કે રાજકીય સહમતિ નહીં હોવાના કારણે નિર્ણય લેવામાં અડચણો આવી રહી છે. આર્થિક મુદ્દાઓ ઉપર ટીકા ટિપ્પણીનો સામનો કરી રહેલા સિંહે કહ્યું હતું કે ૧૨મી પંચવર્ષીય યોજનામાં સરકાર એવા પગલાં લેશે જેના કારણે યોજનાના છેલ્લા વર્ષમાં વિકાસ ૯ ટકા થઈ જશે. આંતરિક સુરક્ષાને મજબૂત કરવાના ઉપર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે સાંપ્રદાયિક સદભાવ જરૂરી છે. પૂણેમાં જે બ્લાસ્ટ



થયા તે સંકેત આપે છે કે આંતરિક સુરક્ષા તરફ હજુ ઘણા કામ બાકી છે. આસામમાં હિંસાનો પણ ઉલ્લેખ સિંહે કર્યો હતો. વીજળીની વાત કરતા તેમણે કહ્યું હતું કે રાજીવ ગાંધી ગામ યોજના હેઠળ એક લાખથી વધુ નવા ગામોને વીજળીના કનેક્શન અપાયા છે. હવે તમામ ગામોમાં વીજળી પહોંચી ચૂકી છે. પાંચ વર્ષમાં દરેક ઘરમાં વીજળી પહોંચી જશે. યુવાનોને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. છેલ્લા બે વર્ષમાં ૫૧ હજાર સ્કૂલો ખોલવામાં આવી છે. મધ્યાન ભોજન યોજના સફળ યોજના છે. દેશમાં ૧૨ કરોડ બાળકોને પોષ્ટિક ભોજન મળી રહ્યું છે. દેશમાં દોઢ વર્ષથી પોલીયોનો એક પણ કેસ નોંધાયો નથી. મોંઘવારીને લઈને તેમણે કહ્યું હતું કે જે જિલ્લાઓમાં ૫૦ ટકાથી ઓછો વરસાદ થયો છે ત્યાં સરકાર ખેડૂતોને ડીઝલ પર સબસીડી આપી રહી છે. સેના ઉપર ગર્વ અનુભવ કરતા તેમણે કહ્યું હતું કે ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો તમામ પડકારોને પહોંચી વળવા સક્ષમ છે. સૈનિકોના વેતન અને પેન્શન સાથે સંકળાયેલા મામલાની ચકાસણી કરવા એક કમીટિની રચના કરવામાં આવી છે.

## લાપતા ૫૫,૦૦૦ બાળકો અંગે કેન્દ્ર-રાજ્યોને નોટિસ

નવી દિલ્હી,તા.૧૬
સુપ્રિમ કોર્ટે દેશમાં લાપતા થયેલા ૫૫૦૦૦ બાળકોને શોધી કાઢવા માટે આદેશ આપવાની માંગ કરતી જાહેરહિતની અરજી પર તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રને આજે નોટિસ ફટકારી હતી. સુનાવણી ચલાવવા સહમતિ દર્શાવતા જસ્ટીસ આફતાબ અલમના નેતૃત્વમાં બેંચે લાપતા બાળકોના મુદ્દા પર કેન્દ્ર અને રાજ્યો પાસેથી જવાબની માંગ કરી છે. સુપ્રિમ કોર્ટનો આ આદેશ એડવોકેટ સરવા મિત્રા દ્વારા દાખલ કરવામાં આવેલા અરજીના આધાર પર આપવામાં આવ્યો છે. તેમની અરજીમાં મિત્રાએ કહ્યું છે કે રાજ્ય પોલીસ વ્યવસ્થા લાપતા થયેલા બાળકોની ભાળ મેળવવામાં નિષ્ફળ ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે આ બાળકોનું ભાવિ ધુંધળુ બનેલું છે. વધુમાં આ બાળકો ક્યા છે તે સંબંધમાં કોઈ માહિતી મળી રહી નથી. આ બાળકોના શરીરના કોઈપણ અંગ કાઢી લેવાની દહેશત પણ રહેલી છે જેથી આવી સ્થિતિમાં આ બાળકોનું જીવન અંધકારમાં ગરકાવ થઈ શકે છે. મિત્રાની રજૂઆતની નોંધ લેવામાં આવી હતી. અરજીદારે દલીલ કરી હતી કે રાજ્ય પોલીસ અપહરણના કેસોમાં તપાસ કરવામાં નિષ્ફળ ગઈ છે. લગભગ તમામ રાજ્યો ઓર્ગેનાઈઝ્ડ ગેંગ દ્વારા ૫૫૦૦૦ બાળકોના અપહરણના કેસને ઉકેલાવમાં નિષ્ફળ ગઈ છે. પોતાની અરજીમાં મિત્રાએ કહ્યું છે કે આ કમનસીબ બાળકોને દાણચોરીમાં, ભીખ માંગવાની પ્રવૃતિમાં અથવા તો પ્રોસ્ટીટ્યુશનમાં પડવાની ફરજ પડી શકે છે. અરજીમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે બાળકોની ખરીદી અને વેચાણની પ્રવૃતિ મોટા પાયે ચાલી રહી છે. બાળકોનું મોટાપાયે જાતિય શોષણ થઈ રહ્યું છે.

## પ્રણવ મુખર્જીની ભાજપના ત્રણ નેતા સાથે વાતચીત

નવી દિલ્હી, તા.૧૬
રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આજે ભાજપના વરિષ્ઠ નેતાઓ એલકે અડવાણી, અરૂણ જેટલી અને સુષ્મા સ્વરાજ સાથે ટેલીફોન પર વાત કરી હતી.



સ્વતંત્રતા દિવસના પ્રસંગે એટહોમ કાર્યક્રમમાં કરવામાં આવેલી બેઠક વ્યવસ્થા અંગે નારાજગી વ્યક્ત કરવામાં આવ્યા બાદ પ્રણવ મુખરજીએ ભાજપ નેતાઓ સાથે વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિના પ્રેસ સેક્રેટરી વેણુરાજા મોનીએ આ મુજબની વાત કરી હતી. રાષ્ટ્રપતિએ ત્રણેય નેતાઓને ફોન કર્યા હતા અને ખાતરી આપી હતી કે ભાવી કાર્યક્રમો તૈયાર કરતી વેળતા તેમના મતને ધ્યાનમાં લેવામાં આવશે. પાંચ વર્ષના લાંબા ગાળા બાદ એટહોમ કાર્યક્રમમાં ભાજપના નેતાઓ દેખાયા હતા. રાષ્ટ્રપતિ ઉપરાંત અન્ય વિઆઈપી લોકોપણ ઉપસ્થિત રહ્યા હતા. રવિશંકર પ્રસાદ ઉપરાંત ભાજપના ટોચના નેતાઓ એટહોમ કાર્યક્રમમાં નજરે પડ્યા ન હતા. ભુતપુર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખરજીએ ભાજપના તમામ નેતાઓનો આભાર પણ માન્યો છે.

## ડિઝલ, એલપીજીના વેચાણ પર રોજ ૪૫૦ કરોડનું નુકશાન

નવી દિલ્હી, તા.૧૬
રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે તથા અંતરરાષ્ટ્રિય તેલ કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ડિઝલ અને રાંધણગેસના વેચાણ પર દરરોજ ઓઈલ કંપનીઓને નુકશાન ૪૫૦ કરોડ રૂપિયાનું થઈ રહ્યું છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લીમીટેડ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લીમીટેડ, ડિઝલ, એલપીજી, કેરોસીન સરકારી અંકુશવાળા રેટ પર પીડીએસ વેચાણ કરે છે. જે ખર્ચ કરતા ઓછી કિંમત છે. ઓઈલ કંપનીને ડિઝલના વેચાણ પર લિટરદીઠ ૧૫.૫૫નું નુકશાન થઈ રહ્યું છે. ઉપરાંત કેરોસીન પર નુકશાન લિટરદીઠ ૨૯.૯૭ થઈ રહ્યું છે. આવી જ રીતે એલપીજી સિલિન્ડરના વેચાણ પર ૨૩૧ રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે. પેટ્રોલના વેચાણ પર નુકશાન લિટરદીઠ ૩.૮ની આસપાસ પહોંચ્યું છે. જુન-૨૦૧૦માં પેટ્રોલને અંકુશમુક્ત કરવાનો નિર્ણય કરાયો હતો. ડિઝલ પર નુકશાન દરરોજ ૨૭૫ કરોડથી વધીને ૩૦૫ કરોડ રૂપિયા થઈ ગયું છે. વર્તમાન રેટમાં ત્રણ કંપનીઓને રેકોર્ડ મહેસુલી નુકશાન ૧૬૭૪૬૮ કરોડની આસપાસ પહોંચ્યું છે. આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલને એપ્રિલ-જુનના ત્રિમાસિક ગાળા દરમિયાન નુકશાન ૪૭૭૧૧ કરોડ થયું છે. સરકારી સબસીડીના સમર્થનની ગેરહાજરીને આઈઓસીને સૌથી વધુ નુકશાન થયું છે. એચપીસીએલે એપ્રિલ-જુનમાં ૯૨૪૯ કરોડનું નુકશાન થયું છે. ડિઝલ અને રાંધણ ગેસ ઉપર નુકશાન દરરોજ ઘટ્યું છે. ઓઈલ કંપનીઓને ડિઝલના વેચાણ ઉપર આ નાણાંકિય વર્ષની શરૂઆતમાં લિટરદીઠ ૧૬.૧૬ રૂપિયા હતું. જ્યારે કેરોસીન પર નુકશાન લિટરદીઠ ૩૨.૦૬ હતું.